આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

*શૈતાન પોતાના શિષ્યોની પસંદગી આળશુઓમાંથી જ કરે છે* - ફ્રેન્ડ

વર્ષ : (૨૭) અંક નં. ૩૯ | ૧૯ એપ્રિલ ૨૦૧૨, ગુરૂવાર, ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# મનપા પાણી-ગટરની જવાબદારી માટે ઉત્સુક નથી

## આર્થિક સક્ષમતા પ્રાપ્ત ના થાય ત્યાં સુધી ખર્ચાળ સેવાઓ સોંપવામાં રાજકીય કિન્નાખોરી દેખાય છે : કોંગી : સત્તા સોંપવા સરકાર આતુર છે પણ કોંગીને તે લેવામાં રસ નથી : ભાજપ : સત્તાધારી પક્ષને સેવામાં નહિ મેવામાં રસ છે : મનુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકા જ્યાં સુધી આર્થિક સક્ષમતા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી પાણી-ગટરવ્યવસ્થા જેવી ખર્ચાળ સેવાઓ નહિ પણ ટાઉન પ્લાનીંગ, શિક્ષણ, રોડ-રસ્તા, જમીન-મિલ્કત જેવી સેવાઓ આપી આર્થિક સક્ષમ બને તે પછી પાણી-ગટરની સેવાઓ મનપાના વહીવટ માટે હિતકારક નિવડશે તેવો પ્રસ્તાવ ભાજપના વિરોધ સાથે પસાર કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગર-પાલિકાની આજે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં પાણી-ગટરની સેવાઓ સોંપી રાજકીય રીતે કોંગ્રેસને બદનામી આપવા માંગતી હોવાના આક્ષેપો કોંગીના સભ્યોએ એક તબક્કે કર્યા હતા. પાણી-ગટરની સેવા ખર્ચાળ હોવાથી સરકાર આ કામગીરી સોંપવા માંગે છે. પણ કોર્પોરેશન સક્ષમ બને તે જરૂરી હોવાનું કારણ આગળ ધરી અન્ય સત્તાઓની માંગણી આજે સામાન્ય સભામાં કરાઈ હતી.

પાણી ગટરની સેવાઓ સોંપવાની સરકારની ઉતાવળનો આજે ચતુરાઈપૂર્વક કોંગ્રેસે પણ વિરોધ કરી અન્ય સેવાઓ પહેલા સોંપવામાં આવે તેવી માંગ સાથે પુનઃ સત્તા મેળવવાનો દડો સરકારના બોકસમાં ઉછાળી દીધો છે

આજે ભાજપના સભ્યોએ કોંગ્રેસના આ વલણનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે સરકાર સત્તા આપવા માંગે છે ત્યારે આંગણામાં કચરો છે એમ કહી ઈન્કાર કરવાની આ પ્રથા બરાબર નથી. પ્રજાકીય કામો કરવામાં સત્તાધારી પક્ષને કોઈ રસ જ નથી.

આ મુદ્દે વિપક્ષી નેતા શ્રી મનુભાઈ પટેલ, શ્રી આશિષ દવે, શ્રી કાર્તિક પટેલ અને સુરેશ મહેતા તથા શંકરભાઈ ચૌધરી, પ્રકાશ પટેલ તેમજ દેવેન્દ્રસિંહ ચાવડાએ ઉગ્ર વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સેવા માત્ર સેવાના મૂલ્યો સાથે

● અનુસંધાના પાના-૭ પર

# જર્નુમમાં ગાંધીનગરના સમાવેશ માટે ભાજપ રાજકીય રમત રમે છે : મેયર

## સરકારે નવ વખત દરખાસ્ત મોકલી કેન્દ્ર પ્રતિસાદ આપતું નથી તમે તમારી રાજકીય વગ વાપરો : ભાજપ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરનો જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન મિશનમાં સમાવેશ કરવા માટે ભાજપ રાજકીય બદઈરાદાઓ સાથે પ્રસ્તાવ લઈ આવ્યો હોવાથી અમે તેનો વિરોધ કરીએ છીએ તેવુ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ કહી આ અંગેની ચર્ચા પર પૂર્ણ વિરામ મુકતાં સભાનું કામકાજ પુરૂ થયેલું જાહેર કર્યું હતું.

આજે મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ભાજપ દ્વારા આ અંગે કેન્દ્ર સરકારને વિનંતી કરવા માટે વધુ એક પ્રસ્તાવ પસાર કરવાની દરખાસ્ત રજુ કરી હતી. જે ચર્ચા કોઈપણ પ્રકારના નિર્ણય વિના જ પૂરી થયેલી જાહેર કરાઈ હતી.

આ મુદ્દા પરની ચર્ચા દરમ્યાન ભાજપ-કોંગ્રેસના સભ્યો સામ-સામી રાજકીય આક્ષેપબાજી પર ઉતરી પડ્યા હતા અને કોણ શું બોલે છે તે પણ સમજી શકાતુ ન હતુ.

સભાના અંતે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે 'ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં મારવા' જેવું ભાજપનું વલણ રહ્યું છે. તેમણે કહ્યું કે અમે પ્રધાનમંત્રીને આ અંગે ખાસ કિસ્સામાં દરમ્યાનગીરી કરવા વિનંતી કરી હતી.

● અનુસંધાના પાના-૭ પર



ઉનાળુ વૅકેશનનો માહોલ જામી રહ્યો છે. કલા શિબિરોની સાથે રમતગમત માટેની તાલીમ શિબિરોમાં પણ તાલીમાર્થીઓ મન મૂકીને ભાગ લઈ રહ્યા છે. સૅક્ટર-૨૧ જીમખાના ઉપરાંત સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે પણ રાબેતા મુજબ વિવિધ રમતોના તાલીમ શિબિરોનો આરંભ થઈ ચૂક્યો છે. પ્રસ્તુત તસવીરમાં સૅન્ટ ઝેવિયર્સ ગ્રાઉન્ડ ખાતે બાસ્કેટ બૉલની તાલીમ લઈ રહેલા ખેલાડીઓ દ્રશ્યમાન થાય છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં કલા વિષયક શિબિરોની સાથે જ રમતગમતની શિબિરો પણ મોટી સંખ્યામાં યોજાય છે અને તેમાં ઉત્સાહપૂર્વક ખેલાડીઓ ભાગ લે છે અને વિવિધ રમતોની પદ્ધતિસરની તાલીમ મેળવે છે. આમ વૅકેશનના સમયનો સદુપયોગ પણ થઈ જાય છે અને યોગ્ય તાલીમ પણ મળી જાય છે. સૅન્ટ ઝેવિયર્સ ખાતે બાસ્કેટ બૉલ ઉપરાંત ક્રિકેટ, ફૂટબૉલ અને સ્કેટીંગ જેવી રમતો માટેના તાલીમ શિબિરો પણ ચાલી રહ્યા છે, જેમાં પણ તાલીમાર્થીઓ તાલીમ માટે આવી રહ્યા છે. (તસવીર : દિપક જાની)

# સ્ટેન્ડીંગ સમિતિમાં નિવૃત્ત થતાં છ સભ્યોની પુનઃ નિયુક્તિ

## ડે. મેટરની ચૂંટણી હવે મે માસમાં હાથ ધરાશે : સફાઈના મુદ્દે અલગ ચર્ચા માંગતા ભાજપી સભ્યો : કોંગીની હો-હા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેટરની ચૂંટણી હવે આગામી મહિનો યોજવામાં આવશે જયારે સ્ટેન્ડીંગ કમિટીના છ સભ્યોની પુનઃ નિયુકતીનો નિર્ણય આજે સામાન્ય સભાએ ભાજપના વિરોધ સાથે બહુમતિએ કર્યો છે.

આજે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાંડે. મેયરની ચૂંટણી ૮-૫-૧૧ના રોજ થઈ હોવાથી ચૂંટણી આગામી સામાન્ય સભા સુધી મુલત્વી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ પછી સ્ટેન્ડીંગ કમિટીમાં છ સભ્યોની પુનઃ નિયુકતી કરવા અંગેની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ભાજપ તરફથી કોઈ જ પ્રતિસાદ ન મળતાં કોંગી સભ્યોએ પુછતાં ભાજપી સભ્યોએ જણાવ્યું હતું કે આ બાબતનો અમે વિરોધ કરી રહ્યા છીએ.

આજે સામાન્ય સભાના આરંભે જ ઝીરો અવરની માંગણી વિપક્ષ ભાજપ તરફથી કરવામાં આવી હતી જેનો વિરોધ કોંગ્રેસના શ્રી ચિમનભાઈ વિઝુંડા તેમજ પ્રવિણ પટેલે કરતાં જણાવ્યું હતું કે સરકાર વિપક્ષની આવી વાતો સ્વીકારતી નથી આપણે પણ સ્વીકારવી જોઈએ નહિ. જો કે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ તટસ્થતા દર્શાવતાં જણાવ્યું હતું કે સભાનું કામકાજ પૂર્ણ થયા બાદ જીપીએસસી એકટની જોગવાઈઓને આધીન હું વિપક્ષને તક આપીશ.

● અનુસંધાના પાના-૭ પર

# ...તો ગુજરાત નીટનો બહિષ્કાર કરશે

## નીટની પરીક્ષા ગુજરાતી ભાષામાં લેવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૮

દેશની તમામ મેડીકલ કોલેજોમાં (એમબીબીએસમાં) પ્રવેશ માટે ૨૦૧૩-૧૪ના વર્ષથી નીટ (નેશનલ એલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)ની પરીક્ષા લેવામાં આવશે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયા (એમસીઆઈ)એ તબીબી વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટેની આ પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય ન થાય થે માટે પરીક્ષા ગુજરાતી ભાષામાં લેવા માટે તેમજ ગુજરાતની મેડિકલ કોલેજોમાં ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ૮૫ ટકા બેઠકો ફાળવવા માટે રાજયના આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ગુલામનબી આઝાદને પત્ર લખીને માગણી કરી છે. આરોગ્યમંત્રી જય નારાયણ વ્યાસે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાનને આજે એક પત્ર પાઠવી મેડિકલમાં અભ્યાસ ઉત્સુક ગુજરાતના વિદ્યાર્થીઓ માટ નીટની પરીક્ષા સંદર્ભે કેટલાંક મુદ્દે સ્પષ્ટતાઓ તાત્કાલિક કરવા જણાવ્યું છે. તદઅનુસાર નીટની પરીક્ષા ગુજરાતી ભાષામાં લેવાય તેમજ મેડિકલના પ્રવેશ રાજ્યમાં ૮૫ ટકા

● અનુસંધાના પાના-૭ પર

**DTH. TV રીમોટ મળશે**

આપનું LED TV, LCD TV કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.

ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫ ● મોબાઈલ : ૯૭૧૪૧૯૮૩૬૬

अर्हम्

शारीरिक स्वास्थ्य, मानसिक शांति भावनात्मक विकास हेतु

प्रेक्षाध्यान एवं प्राकृतिक चिकित्सा शिविर

त्रिदिवसीय आवासीय शिविर

दिनांक : 21-22-23 अप्रेल 2012

स्थान : प्रेक्षा विश्व भारती परिसर

आयोजक : प्रेक्षा ध्यान एकेडेमी-कोबा पाटीया-गांधीनगर

संपर्क सूत्र: 079-23276271 (मो.) 9726904675

**''શિવરંજની'' સભ્યપદ વર્ષ ૨૦૧૨-૧૩**

'' વિશિષ્ટ ગુણીજન'' ગ્રૂપમાં સભ્યપદ નોંધાવી હાઉસ ફુલ કરી દેવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. આ ગ્રૂપમાં સભ્યપદ નોંધણી બંધ કરેલ છે.

**ગ્રૂપ - A અને B માં સભ્યપદ નોંધણી ચાલુ છે**

| | | |
|---|---|---|
| સભ્યપદ | ગ્રૂપ-A | રૂ. ૧૦૦૦/- પ્રતિ વ્યક્તિ (C થી L રોટેશનથી) |
| ફી | ગ્રૂપ-B | રૂ. ૫૦૦/- પ્રતિ વ્યક્તિ (M થી Z વહેલા તે પહેલાના ધોરણે) |

અત્યાર સુધીના વર્ષોમાં માણેલા કલાકારો / કાર્યક્રમો

- શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય
- શ્રી ભીખુદાન ગઢવી
- શ્રી પાર્થિવ ગોહિલ
- શ્રી પ્રફુલ્લ દવે
- શ્રી રોશની ભારતી (રાજસ્થાન)
- શ્રી શ્યામલ-સૌમિલ મુનશી
- શ્રી બંકીમ પાઠક
- દેવાનંદ અભિનીત ગીતોનો કાર્યક્રમ
- સચિન લીમીયે
- રામપુર (ઉ.પ્ર.)ના કલાકારોની કવ્વાલી

**સભ્યપદ માટે સંપર્ક**

શ્રી જયરાજસિંહ સરવૈયા મો. ૯૮૨૫૨ ૫૩૯૩૩ (સે. ૨/A)
શ્રી હરેશ ભટ્ટ મો. ૯૮૨૫૩ ૮૭૦૭૮ (સે. ૭/A)
શ્રી ગુંજન વ્હોરા મો. ૯૮૭૯૦ ૨૯૫૧૧ (સે. ૫/A)
ડો. રાજેશ શાહ મો. ૯૯૨૫૦ ૦૮૬૩૦ (સે. ૨/D)
શ્રી ભાવિન પટેલ મો. ૯૮૭૯૦ ૫૭૫૫૬ (સે. ૨૭)
શ્રી પિનાકીન વ્યાસ મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪ (સે. ૪/C)
શ્રી સી. એલ. મહેતા મો. ૯૪૨૬૦ ૦૯૬૪૯ (સે. ૨૯)
શ્રી હરેશ સોની મો. ૯૪૨૬૭ ૦૭૭૭૧ (સે. ૩/B)
સુશ્રી ઉમાબેન ભટ્ટ મો. ૯૯૦૪૧ ૫૮૩૬૯ (સે. ૨૨)
અન્ય તમામ કારોબારી સભ્યો

તા.ક. સંસ્થાના ઓડિટેડ હિસાબો ઉપલબ્ધ છે.

વાગ્મિન બૂચ, પ્રમુખ, શિવરંજની મો. ૯૯૦૯૯ ૦૦૬૫૦ (સે. ૭)

